**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૧/૦૩/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૬૮ લીટર દેશી દારૂ, ૩૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૮ બિયરટીન, ૦૧ એક્ટીવા અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૦૦/૧૫**

**નરોડા :** સુમનબહેન વિક્રમભાઇ દંતાણી (ઉ.વ.૧૩)(રહે.સંજયનગરનાં છાપરા, એસ.ટી.ક્વૉટર્સની સામે, કૃષ્ણનગર ચાર રસ્તા, નરોડા) ને તા.૧૦/૩/૧૫ નાં કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી નરેશ ઉર્ફે બોડો લાલજી ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમનબહેનના પિતા વિક્રમભાઇએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**શહેરકોટડા :** મિતલબહેન રમણભાઇ પરમાર (ઉ.વ.૧૬)(રહે.જુની કેશવની ચાલીમાં, બોમ્બે હાઇસીગ સામે, સરસપુર) ને તા.૮/૩/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સમીન મરાઠી ઉર્ફે માયા બોસ (જેનુ પુરુ નામ જાણવા મળેલ નથી)(રહે.બાપાલાલ કડીયાની ચાલીમાં, સરસપુર)લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મિતલબહેનની માતા નિર્મળાબેન પરમારે તા.૧૦/૩/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.જી.ભટ્ટ ચલાવે છે.

**સરખેજ :** નટવરભાઇ શકરાભાઇ ચુનારા (રહે.સુર્યા એસ્ટેટ પાસે, ચુનારાવાસ, આંબલીગામ) એ તા.૧૦/૩/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૩/૧૫ નાં કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી અંજુબહેન(ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**છેતરપીંડી :** **સમાચાર યાદી નં.૫૦૧/૧૫**

**મણીનગર :** વિજયકુમાર નટવરલાલ ભટ્ટ (રહે.માણેકમોતી એપાર્ટમેન્ટ, મહેતા સ્વીટ માર્ટની પાછળ, કાંકરીયા, મણીનગર) એ તા.૧૦/૩/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૮/૨૦૧૦ થી તા.૨૭/૮/૨૦૧૦ નાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ ચૌહાણ (૨) પ્રતાપસિંહ રયજીભાઇ ચૌહાણ (બંને રહે.પ્રમુખ પાર્ક સોસાયટી, ગેરતપુર, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ)એ ભેગામળી વિજયકુમારને વિશ્વાસમાં લઇ, અગાઉ વેચાણ કરેલ મકાનનો ખોટો દસ્તાવેજ બનાવી, વિજયકુમારને તે મકાન વેચી, મકાન પેટે કુલ રૂપિયા ૧૭ લાખ તેમની પાસેથી મેળવી, વિજયકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૦૨/૧૫**

**વટવાઃ** જીગેશ અભયરાજસિંહ (રહે.અંબીકાનગર સોસાયટી, વિશાલનગર પાસે, ઈસનપુર) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૩/૧૫ ના કલાક ૧/30 વાગ્યાના સુમારે પોતાના ભાઇ શૈલેન્દ્રભાઇ અભયરાજસિંહ(ઉ.વ.3૪) નારોલ ટર્નીગ પાસે આવેલ કે.એસ.સ્ટાર ઓટો મોબાઈલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન કોઇ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી શૈલેન્દ્રભાઇના મોટર સાયકલને ટક્કર મારતા શૈલેન્દ્રભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે વટવા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૦૩/૧૫**

**શહેરકોટડા : (૧)** વિશાલભાઇ પ્રીતમભાઇ વાકોડા(મરાઠી)(ઉ.વ.૨૩)(રહે.ન્યુ સરસ્વતીનગર પાણીની ટાકી સામે, ગોકુલનગર, પ્રેમનગર, મેમ્કો) એ કોઇ કારણસર તા.૯/૩/૧૫ સાંજનાં ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૩/૧૫ નાં કલાક ૨/30 વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ છે. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદકુમાર કાવાજી ચલાવે છે.

**(૨)** મંજુબેન વા/ઓ મહેન્દ્રસિગ રાઠોડ (ઉ.વ.૨૦)(રહે.રાહુલભાઇ રબારીના મકાનમાં, રાયપુર ભજીયા પાસે, મેમ્કો બ્રીજ ના છેડે, શહેરકોટડા) એ કોઇ કારણસર તા.૯/૩/૧૫ રાતનાં ૧૧/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ શ્રી “ડી” ડીવીઝન નાઓ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.